सत्यमेव जयते

# ગુજરાત સરકાર

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૦૭/૦૯/૨૦૧૮.

// અધિસૂચના //

ક્રમાંક:આઇસીડી-૧૦૨૦૧૮-૧૬૧૭-બ૧

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ, ગુજરાત રાજયની સંકલિત બાળ વિકાસ સેવામાં, પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ની સીધી ભરતીની કુલ-૫ (પાંચ) જગ્યા ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક:૫૩/૨૦૧૬-૧૭ અન્વયે લેવાયેલ પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ની જગ્યાઓ માટેની સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદ કરાયેલ કુલ-૫ (પાંચ) ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ નીચે કોષ્ટકમાં દર્શાવેલ કુલ-૫ (પાંચ) ઉમેદવારોને તેઓના નામ સામે દર્શાવેલ નીચેના કોષ્ટકના કોલમ-૫ સામે દર્શાવેલ સ્થળ પર નીચે દર્શાવેલ શરતોને આધીન તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે વિગતવાર નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ/ સરનામું | મેરીટ ક્રમાંક | કેટેગરી | હોદ્દો અને નિમણૂકનું સ્થળ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | શ્રીમતી કોમલબેન હર્ષલસિંહ ઠાકોર<br>સી-૫, શ્રી રામ સોસાયટી, જી.ઇ.બી.ની પાછળ, અંકલેશ્વર, જિ.ભરૂચ ૩૯૩૦૦૧ | ૧ | -- | પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), નર્મદા |
| ૨ | શ્રી દશરથલાલ ડાહ્યાલાલ પંડયા<br>બ્લોક નં ૧૯/૪, જુના એક સ્ટાફ ક્વાર્ટર, એસડીએયુ, એસકે નગર, દાંતીવાડા, બનાસકાંઠા – ૩૮૫૫૦૬ | ૨ | -- | સ્ટેટ પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ) કમિ.મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગર |
| ૩ | સુશ્રી નેહા ભુપેન્દ્ર કંથારીયા<br>૧૫૬/૩, કેન્યાનગર, ન્યુ સમારોડ, અભિલાષા ચાર રસ્તા પાસે, વડોદરા – ૩૯૦૦૦૮. | ૩ | -- | પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), સાબરકાંઠા |
| ૪ | શ્રીમતી મનીષા ભાવિકકુમાર બારોટ<br>કે/ઓ કિશોરભાઇ એન.બારોટ, પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર, કસ્તુરબાધામ, ત્રંબા તા.રાજકોટ,જિ.રાજકોટ. ૩૬૦૦૦૧. | ૪ | એસઈબીસી | પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), અમરેલી |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | શ્રીમતી શિલ્પા અરવિંદભાઇ ડામોર<br>સી-૩૦૪,તિરુપતિ રાજનગર<br>સોસાયટી, સુરમંદિર સિનેમા સામે,<br>આબુ હાઇવે, પાલનપુર,<br>જિ.બનાસકાંઠા – ૩૮૫૦૦૧. | ૫ | એસટી | પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), ડાંગ |

(૧) આ ઉમેદવારોએ અધિસુચનાની તારીખથી દિન-૧૫માં આપેલ નિમણૂંક ઉપર હાજર થવાનું રહેશે. નિયત સમય મર્યાદામાં હાજર નહીં થનારના હુકમો રદ થવાને પાત્ર બનશે. પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ નો હવાલો સંભાળવાની તારીખને નોકરીમાં જોડાયા તારીખ ગણવામાં આવશે.

(૨) આ ઉમેદવારોએ નિમણૂંક વાળી જગ્યાએ હાજર થતાં પહેલાં આ અગાઉ સરકારી કે અર્ધસરકારી સેવા બજાવી હોય તો અગાઉની નોકરી છોડીને તેમને સેવામાંથી ફરજ મુકત/છુટા કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ રજુ કરવાનો રહેશે.

(૩) તેઓએ વિગતવાર નિયુક્તિવાળી જગ્યા પર હાજર થતા પહેલા સચિવશ્રી(મ.બા.વિ) સમક્ષ તાત્કાલિક સ્વખર્ચે હાજર થવાનું રહેશે અને આ વિભાગને તાત્કાલિક અહેવાલ મોકલવાનો રહેશે. તેઓએ કચેરી ખાતે હાજર થયાની તારીખથી (૨) બે વર્ષ માટે અજમાયશી ધોરણે ગુજરાત રાજયની સંકલિત બાળ વિકાસ સેવામાં, પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ તરીકે ફરજો બજાવવાની રહેશે. તેઓને કચેરી ખાતે હાજર થયાની તારીખથી Pre Revised: Pay Band Rs.15600-39100 + Rs.5400 Grade Pay, Revised: Level-10 in Pay Matrix ના પગાર ધોરણમાં ન્યૂનત્તમ તબક્કે મળવાપાત્ર પગાર અને ભથ્થાઓનો ખર્ચ નિમણૂકવાળી જગ્યાની કચેરીની ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે અને મેળવવાનો રહેશે.

(૪) તેઓએ વિગતવાર નિયુક્તિવાળી જગ્યા પર હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩-૧૨-૮૬ના પરિપત્ર ક્રમાંક: સીડીઆર/૧૧૮૬/યુ.ઓ./૨૨૪૪/ગ.(૨) થી ઠરાવ્યા મુજબના સોગંદ લેવાના રહેશે.

(૫) તેઓની આ નિમણૂક સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૦૧-૭૦ના પરિપત્ર ક્રમાંક: પીએસી/૧૦૬૮/જી, ની જોગવાઈ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ તરફથી મેળવવાના રહેતા પ્રમાણપત્રો જેવા કે ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃતાંત અંગેના પ્રમાણપત્રમાં કશું વિરુધ્ધ નહીં હોવાની શરતોને આધીન રહેશે. તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯-૦૯-૧૬ના પરિપત્ર ક્રમાંક:વીસીએ/૧૦૨૦૧૬ /૪૨૯૫૪૭/ગ.૨ તથા વખતો-વખતની અન્ય સૂચનાઓની જોગવાઇ અનસાર સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાનાં રહેશે. જેમાં કોઇ વિરૂધ્ધ બાબત ધ્યાને આવશે તો તેઓની આ અજમાયશી નિમણૂક કોઇ પણ પ્રકારની નોટીસ વગર સમાપ્ત કરવામાં આવશે.

(૬) તેઓની આ નિમણૂક તેમના શારીરિક યોગ્યતાના અંગે સ્થાયી તબીબી તપાસ પંચનું તબીબી પ્રમાણપત્ર મેળવવામાં આવનાર છે, તેને આધીન રહેશે. ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧ મુજબ શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાનું રહેશે. નિયત સમયમાં શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ નહી કરે અથવા તબીબી તપાસમાં આ જગ્યાએ નિમણૂક માટે અનફીટ(Unfit) જાહેર થશે તો તે અજમાયશી અધિકારીની અજમાયશી સેવા સમાપ્ત કરવામાં આવશે.

(૭) આ ઉમેદવારોની અજમાયશી નિમણૂક તેઓએ ગુજરાત જાહેર સેવા આયોગને સદર જગ્યા માટે કરેલ અરજીપત્રકમાં જણાવેલ શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનામત, દિવ્યાંગ ઉમેદવારો અને ધર્મ તથા અન્ય વિગતોની ખરાઈ તેમના અસલ પ્રમાણપત્રોને આધારે કરવામાં આવેલ છે. તેમ છતાં, તેઓએ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી/સક્ષમ સત્તાધિકારીશ્રી સમક્ષ હાજર થતી વખતે જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત અને અનૂસુચિત જાતિ/અનૂસુચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/દિવ્યાંગ/માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં તે અંગેના અસલ પ્રમાણપત્ર/પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે અને તેની ચકાસણી અને ખાત્રી થયાની શરતને આધીન આ નિમણૂક રહેશે.

જરૂર જણાયે સંબંધિત નિયંત્રણ અધિકારીઓએ આ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની જે તે યુનિવર્સિટી/સક્ષમ સત્તાધિકારી પાસે ચકાસણી કરી લેવાની રહેશે. ઉમેદવારોએ રજુ કરેલ પ્રમાણપત્રો સંપૂર્ણ હોવા અંગેના પ્રમાણપત્રો સાથે જે તે અધિકારીએ મહિલા અને બાળ વિકાસ વિભાગને મોકલવાના રહેશે. સંબંધિત નિયંત્રણ અધિકારીએ ઉમેદવાર હાજર થાય તેની તારીખ સાથેની વિગતો આ વિભાગને મોકલવાની રહેશે.

અજમાયશી અધિકારીઓના અરજીપત્રકમાંની ઉપલબ્ધ માહિતી અન્વયે સેવાપોથી તૈયાર કરી તેના પહેલા પાનાની પ્રમાણિત નકલ મહિલા અને બાળ વિકાસ વિભાગને મોકલવાની રહેશે. જો તેઓ આ નિમણૂક પામતા પહેલા સરકારી નોકરી/અર્ધસરકારી સેવામાં હોય તો, તેમના કિસ્સામાં અરજી પત્રકો સાથે ચકાસણી કરી, તેમની અગાઉની સેવાપોથીના પ્રથમ પાનાની પ્રમાણિત નકલ અત્રે મોકલી આપવાની રહેશે.

(૮) બે વર્ષના અજમાયશી ધોરણેની નિમણૂકના સમય દરમિયાન તેઓએ નિયત થયેલ તાલીમ કાર્યક્રમ મુજબ તેમજ સરકારશ્રી વખતો વખત ઠરાવે તે મુજબની તાલીમ લેવાની રહેશે અને તેવી હેસીયતથી ફરજ બજાવવાની રહેશે. તેમણે પૂર્વ સેવા તાલીમ પરીક્ષા નિયત કરેલ સમય મર્યાદામાં અને તકમાં ઉત્તિર્ણ કરવાની રહેશે. અજમાયશી/તાલીમની સમગ્ર મુદત દરમિયાન તેમને કોઇ ઇજાફો મળવાપાત્ર રહેશે નહી. અજમાયશી મુદત સંતોષકારક રીતે પૂરી થયે તેમને નિયમિત ધોરણે નિમણૂક અપાય ત્યાર બાદ જ સામાન્ય દરે ઈજાફો આપવામાં આવશે.

(૯) આ અજમાયશી અધિકારીઓને તેઓની વિગતવાર તાલીમનું આયોજન થાય ત્યાં સુધી વહીવટનું પ્રાથમિક/સામાન્ય જ્ઞાન મળી રહે તે હેતુથી અજમાયશી અધિકારી માટે સક્ષમ

સત્તાધિકારીશ્રીએ તેમની તાલીમ અંગેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. આ તાલીમ પૂર્ણ થયે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે નક્કી કરવામાં આવનાર તાલીમ કાર્યક્રમ મુજબ તાલીમ લેવાની રહેશે. તેવી જ રીતે ગુજરાત રાજ્ય કોમ્પ્યુટર કૌશલ્ય અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઈ મુજબ અજમાયશી સમય દરમિયાન કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પ્લસ તાલીમ મેળવી તાલીમાન્ત પરીક્ષા પણ પાસ કરી લેવાની રહેશે.

(૧૦) અજમાયશી ગાળા દરમિયાનની ઉમેદવારની સેવા સક્ષમ અધિકારીને સંતોષકારક ન જણાય તો, કોઈ પણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી આ ઉમેદવારની નિમણૂકનો અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમય દરમિયાનની સેવાઓ તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણની ગણાશે. જરૂર જણાયે અજમાયશી સમયની મુદત લંબાવવાના અલગથી હુકમો કરવામાં આવશે.

(૧૧) અજમાયશી સમયગાળા દરમિયાન નિયત થયેલો અભ્યાસક્રમ કે પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ ન હોય તો, તેવા કિસ્સામાં અજમાયશી સમયગાળાની મુદત વધારી આપવાની સરકાર વિચારણા કરશે. આવા અજમાયશી સમયગાળાની સમયમર્યાદાની મુદત વધારવાના કિસ્સામાં અલગ હુકમો કરવામાં આવશે.

(૧૨) અજમાયશી અધિકારીઓએ પોતાના અજમાયશની મુદત દરમિયાન રાજયપત્રિત અધિકારી પૂર્વ સેવા તાલીમ અને પરીક્ષા નિયમો,૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર પૂર્વ સેવા તાલીમ લેવાની રહેશે. અને તાલીમાન્ત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૧૩) અજમાયશી સમયગાળા દરમિયાન આ સંવર્ગની નિયત થયેલ પૂર્વ સેવા તાલીમ/ખાતાકીય તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદની પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા તથા ખાતાકીય પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ જ ગુજરાત રાજયની સંકલિત બાળ વિકાસ સેવામાં, પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ જગ્યા ઉપર લાંબાગાળાના ધોરણે નિયમિત નિમણૂક આપવા વિચારણા કરવામાં આવશે. નિયમિત નિમણૂક આપતા હુકમો થયેથી જ સેવાઓ નિયમિત થયેલી ગણાશે.

(૧૪) જો તેઓએ અગાઉ સરકારી નોકરી કરેલી હોય અને રાજ્ય સરકારની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ જે નોકરીને ધ્યાનમાં લેતા અજમાયશી સમય ઘટાડવાને પાત્ર બનતો હોય તેવા કિસ્સામાં તમણે ફરજ ઉપર હજર થયાની તારીખથી એક માસમાં સક્ષમ અધિકારી સમક્ષ રૂબરૂ જરૂરી આધાર પુરાવા સાથે લેખિત અરજી કરવાની રહેશે. સક્ષમ અધિકારીએ આવી અરજી આ વિભાગને વિના વિલંબે મોકલી આપવાની રહેશે.

(૧૫) અજમાયશી સમયગાળા દરમિયાન તેઓએ પ્રત્યક્ષ તાલીમ દરમિયાન કરેલ પ્રગતિ અંગેના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ(ઈવેલ્યુએશન રીપોર્ટ) તૈયાર કરી, સચિવશ્રી(મ.બા.વિ) ને રજુ કરવાના રહેશે. આ અહેવાલ સમય મર્યાદામાં રજુ કરવાની તેઓની અંગત જવાબદારી રહેશે.

(૧૬) તેઓએ સરકારશ્રીએ વખતો વખત નક્કી કરેલ હુકમો મુજબ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાઓની પરીક્ષાઓ આપવાની રહેશે અને પરીક્ષાઓમાં સફળ થવાનું રહેશે.

(૧૭) આ અધિકારીઓની નિમણૂક સમગ્ર રાજ્યમાં બદલીપાત્ર રહેશે. રાજ્ય સરકારને જરૂર જણાય તે પ્રમાણે બદલી કરવામાં આવશે.

(૧૮) સરકારી સેવા માટે નિયત થયેલ સેવાની અન્ય શરતો(દા.ત. શિસ્ત, વર્તણૂક, પગાર ભથ્થા, પેશગીઓ વગેરે) સરકારે વખતોવખત નક્કી કરેલ નિયમો મુજબ વિનિયમિત થશે.

(૧૯) કોઈ યોજના/કામો કચેરી બંધ થવાના કારણે જગ્યાઓ રદ થાય તેવા સંજોગોમાં રાજ્ય સરકાર જગ્યાના અભાવે સંબંધિત ઉમેદવારને ફાજલ/સરપ્લસ જાહેર કરે તો તેમની નોકરીનો અંત આવશે. તેમ છતાં ગુજરાત મુલ્કી સેવા નિયમો મુજબ મળવાપાત્ર લાભો આપીને સરકાર તેમને છુટા કરી શકશે અને તેવા સંજોગોમાં ઉમેદવાર નોકરીમાં ચાલુ રાખવાનો દાવો કરી શકાશે નહિ.

(૨૦) જો તેઓ નોકરીમાંથી રાજીનામું આપવા ઈચ્છે તો રાજીનામું આપતાં પહેલા ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ના નિયમ-૩૩-એ ની જોગવાઈ મુજબ એક માસ પહેલાં સરકારને તેઓએ તેમના રાજીનામા બાબતની નોટીસ આપવાની રહેશે.

(૨૧) તેઓએ આ સાથે બિડેલ નમૂના મુજબનું જામીનખત અને જામીનમાં કરાર કરવાનો રહેશે. આ જામીનખત તેઓએ તથા તેમના બે જામીનોને સંયુક્ત અને અલગ રીતે એમ બન્ને રીતે બંધનકર્તા રહેશ. તેઓએ પોતે રજુ કરેલા જામીનો રૂ.૫૦૦૦/- સુધીની રકમ માટે દાર અને હયાત છે તેવા સંબંધિત મામલતદારના પ્રમાણપત્ર સાથે સચિવશ્રી(મ.બા.વિ.) ને હાજર થતી વખતે અથવા હાજર થયાની તારીખથી એક મહિનાની અંદર આપવાના રહેશે. જ્યાં સુધી આવું જામીનખત અને જામીન આપવામાં નહિ આવે ત્યાં સુધી ઉમેદવારને તેના પગાર અને ભથ્થા માટે અધિકૃત કરવામાં આવશે નહિ.

(૨૨) આ અજમાયશી અધિકારીઓએ વિગતવાર નિમણૂકના સ્થળે હાજર થતી વખતે શરત-(૨૧)માં દર્શાવ્યા મુજબનો કરાર/જામીનખત કરવાનો રહેશે. જે કરાર પ્રમાણે (ક) નિયત થયેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો ન કરી શકે અથવા (ખ) નિયત થયેલી સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય તે રીતે અજમાયશી નિમણૂક અંગેના નિયમોની જોગવાઇ પૈકી કોઇ જોગવાઇ પૂરી ન કરી શકે અથવા (ઘ) અજમાયશી મુદત સહિત મૂળ નિમણૂકની તારીખથી ૩(ત્રણ) વર્ષની મુદત પૂરી થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે તેઓને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકે તેમની નિમણક(તાલીમ સહિત) દરમિયાન સરકારે ચૂકવેલ પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનદારો સંયુક્ત અને વ્યક્તિગત રીતે બંધાયેલા રહેશે અને પરત કરવામાં નહી આવેલી રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૨૩) અજમાયશી અધિકારીઓએ ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂક) નિયમો, ૧૯૭૧ના નિયમ-(૧૯)(ક)ની જોગવાઇ મુજબ સ્થાવર મિલકત અંગેનું પત્રક સંબંધિત નિયંત્રણ અધિકારી મારફત મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરને તાત્કાલિક મોકલવાનું રહેશે.

(૨૪) ઉપર દર્શાવેલ શરતો ઉપરાંત તેઓની આ અજમાયશી નિમણૂક હવે પછી સરકારશ્રી દ્વારા વખતો વખત જે શરતો લાગુ કરાય, તે શરતો પણ તેઓને બંધનકર્તા રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અંકિતા ક્રિશ્ચિયન
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ: ઉપર મુજબ

---

**ક્રમાંક:આઇસીડી-૧૦૨૦૧૮-૧૬૧૭-બ૧**
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭/૦૯/૨૦૧૮.

પ્રતિ,
સર્વે અજમાયશી પ્રોગ્રામ અધિકારીશ્રીઓ. **(By RPAD અને E mail)**

**નકલ જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે રવાના :-**

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન.રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન.મંત્રીશ્રી(મ.બા.ક)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૬) નિયામકશ્રી(આઇસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦- ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૭) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.(પત્ર દ્વારા)
(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
(૯) મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ.
(૧૦) તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રી અને મ્યુ. કમિશ્નરશ્રી.
(૧૧) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી (જીલ્લા પંચાયત અને મ્યુ.કોર્પો.)
(૧૨) મુકામી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર
(૧૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી/નિવાસી લેખાધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૪) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
(૧૫) શાખા સિલેકટ ફાઇલ.

( હિતેષ દોમડીયા)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

# જામીન

અમે ગામ.............................. તાલુકો.............................. જિલ્લો..............................
ના રહેવાસી શ્રી.............................................. અને શ્રી.............................................. ઉપર જણાવેલ (આમાં હવે પછી "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંહેધરી આપીએ છીએ કે પોતે જે કરવા અને બજાવવાની બાહેધરી આપી હોય તે બધુ ઉમેદવાર કરશે અને બજાવશે અને તેની

(૧) નિયત તાલીમ અભ્યાસક્રમ પુરો કરવામાં નિષ્ફળતા અથવા (૨) સેવા પૂર્વેની(પૂર્વ સેવા તાલીમાન્ત) પરીક્ષામાં બેસવામાં નિષ્ફળતા અથવા (૩) અજમાયશી અંગેના કોઈ નિયમો હોય તો તેની કોઇ જોગવાઈનો સરકારને સંતોષ થાય તે રીતે પાલન કરવામાં નિષ્ફળતા અથવા (૪) અજમાયશીની મુદ્દત સંતોષકારક રીતે પુરી થયેથી તેની નિયમીત નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની મુદ્દત પુરી થતા પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, તેની તાલીમ દરમ્યાન સરકારે તેમેને ચુકવેલ પગાર અને ભથ્થા જેટલી રકમ અને તેની તાલીમ અંગે સરકારે કરેલ ખર્ચ જે ઉમેદવાર તેની જાતે બંધાયેલ છે, તે બન્ને રકમ ગુજરાત સરકારની કારોબારી સત્તા વાપરતા ગુજરાતના રાજ્યપાલશ્રી(જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને ખાતે જપ્ત થવા દેવા અમે કબુલ થઈએ છીએ કે, ઉપલબ્ધ બીજા હક્ક તથા ઉપાયોને બાધ આવ્યા સિવાય, સરકાર ઉક્ત રકમ અમારી પાસેથી જમીન મહેસૂલની બાકી લેણી રકમ તરીકે વસુલ કરી શકશે અને અમે કબુલ થઈએ છીએ કે ઉક્ત નિયમોમાં દર્શાવેલી શરતોમાં કોઈ ફેરફાર થશે તો સદરહુ રકમ ચુકવવા અંગેની અમારી જવાબદારીમાંથી અમારાથી છુટા થઈ શકાશે નહી અને આ કરાર હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુસારુ અમારી જવાબદારી ઉમેદવાર સાથે સંયુક્ત અને અલગ અલગ રહેશે.

સન. ૨૦૧૮ના ........... મહિનાની તારીખ ..... ના રોજ ઉપરના નામ વાળાએ સહી કરી અને સોંપ્યુ.

(૧) જામીનનું પુરૂ સરનામુ અને ધંધો. જામીનની સહી:-

(૨) જામીનનું પુરૂ સરનામુ અને ધંધો. જામીનની સહી:-

નીચેનાની હાજરીમાં
સાક્ષીની સહી પુરૂ સરનામુ અને ધંધો.

સાક્ષીની સહી:-

રાજ્યપત્રિત અધિકારીનું નામ અને સહી

## જામીનખત

આથી સર્વે લોકોને જાણ થાય કે, હું મહિલા અને બાળ વિકાસ વિભાગની તા.૦૭-૦૯-૨૦૧૮ની અધિસૂચના ક્રમાંકઃઆઇસીડી-૧૦૨૦૧૮ ૧૬૧૭-બ૧ માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર પ્રોગ્રામ અધિકારી, સંકલિત બાળ વિકાસ રાજ્ય સેવા, વર્ગ-૧ ની જગ્યા પર નિમણૂક માટે પસંદ થયેલ ઉમેદવાર, ગુજરાત રાજ્યની કારોબારી સત્તા વાપરતા ગુજરાતના રાજ્યપાલશ્રી(જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દ પ્રયોગમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો તેમના ઉત્તરાધિકારીઓ અને એસાઈનીઓના સમાવેશ થાય છે) સાથે મારી તાલીમની મુદ્દત દરમ્યાન સરકારે મને ચુકવેલ પગાર અને ભથ્થાની રકમ અને મારી તાલીમ અંગે સરકારે કરેલ ખર્ચ એમ સરકારને ચુકવવાની થતી રકમ એ બન્ને જેટલી રકમ સરકારને ચુકવવા જવાબદાર બનું છું. તથા પાકી રીતે બંધાઉ છું અને આ બન્ને રકમની ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ લેખથી મારી જાતે, મારા વારસો, એક્ઝીક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઈએ છીએ.

તાલીમની મુદત દરમ્યાન અને મળેલ પગાર અને રાબેતા મુજબના ભથ્થા જેટલી રકમ અને મારી (૧) નિયત તાલીમ અભ્યાસક્રમ પુરો કરવામાં નિષ્ફળતા અથવા (૨) સેવા પૂર્વેની પરીક્ષામાં બેસવામાં નિષ્ફળતા અથવા (૩) અજમાયશી અંગેના કોઈ નિયમો હોય તો તેની કોઇ જોગવાઈનો સરકારને સંતોષ થાય તે રીતે પાલન કરવામાં નિષ્ફળતા અથવા (૪) અજમાયશીની મુદ્દત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલ મારી નિયમીત નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની મુદ્દત પુરી થતા પહેલા નોકરી છોડવાના પ્રસંગે તાલીમ દરમ્યાન મેં લીધેલ પગાર અને રોજીંદા ભથ્થા જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનો બોન્ડ નિયમો હેઠળ મારે કરી આપવાનું રહે છે.

હવે ઉપર જણાવેલ બોન્ડની શરત એવી છે કે, હું મારા પક્ષે પાલન કરવાની અને બજાવવાની અને (આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલી અનુબંધો અને શરતોનું વિધિસર અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ તો ઉપર લખેલું બોન્ડ રદ થશે અન્યથા તે પુરેપુરૂ અમલી અને અસરકારક રહેશે.

પરંતુ અન્ય હક્કો અથવા ઉપાયોને બાધ આપ્યા સિવાય, આ બોન્ડ હેઠળ હેઠળ ચુકવવાની રકમ, જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાની સરકાર છુટ રહેશે. આથી સાક્ષીરૂપે મેં આજે વર્ષ ૨૦૧૮ ના ................. મહિનાની તારીખ ..... ના રોજ આ બોન્ડ ઉપર સહી કરી છે.

(૧) નામ અને પુરૂ સરનામુઃ- સહીઃ-

(૨) નામ અને પુરૂ સરનામુઃ- સહીઃ-

રાજ્યપત્રિત અધિકારીનું નામ અને સહી

291 ✓

ANNEXURE

# ANNEXURE-A

## ATTESTATION FORM

| | | | |
|---|---|---|---|
| Affix signed Passport size ( 5 cms. X 7 cms.) Approx. copy of recent photograph | 1. | "WARNING<br>The furnishing of false information or suppression of any factual information in the Attestation Form would be disqualification, and is likely to render the candidate unfit for employment under the government. | |
| | 2. | If detained, arrested prosecuted, bound down, fines convicted, debarred, acquitted etc. subsequent to the completion and submission of this form, the details should be communicated immediately to the authorities to whom the Attestation Form has been sent early, failing which it will be deemed to be a suppression of factual information | |
| | 3. | If, the fact that false information has been furnished or that there has been suppression of any factual information in the Attestation Form comes to notice at any time during the service of a person his services would be liable to be terminated". | |
| 1. | Name in full (in block capitals) with aliases, if any, (Please indicate if you have added or dropped in any stage, any part of your name or surname): | Surname | Name |
| 2. | Present Address in full (i.e. Village, Thana and District, or House No., Lane/Street/Road & Town): | | |
| 3.(a) | Home Address in full (i.e. Village, Thana & District, or House No., Lane/Street/Road and Town and name of District Headquarters) | | |
| (b) | If originally a resident of Pakistan/Bangladesh (erstwhile East Pakistan) the address in that country and the date of migration to Indian Union. | | |
| 4. | Adhar Card No. (if available) | | |
| 5. | PAN No. (if available) | | |
| 6. | Nationality | | |
| 7.(a) | Date of Birth | | |
| (b) | Present age | | |
| (c) | Age at Matriculation | | |
| 8.(a) | Place of birth, district and state in which situated | | |

| | | |
|---|---|---|
| (b)<br><br>(c) | District and State to which you belong<br><br>District and State to which your father originally belong | |
| 9.(a)<br><br>(b) | Your Religion<br><br>Are you a member of a scheduled Caste/Scheduled Tribe/Other Backward Classes? (Answer Yes/No | |
| 10. | Particulars of places (with periods of residence) where you have resided for more than one year at a time during the proceeding five years. In case of stay abroad (including Pakistan), particulars of all places where you have resided for more than one year after attaining the age of 21 years, should be given. | |

| From | To | Residential Address in full (i.e. Village Thana & District or House No. Lane/Street/Road & Town | Name of the District Head Quarter or the place mentioned in preceding column. |
|---|---|---|---|
| | | | |

| 11. | Name (in full & aliases if any | Nationality (by birth & or by domicile | Place of birth | Occupation if employed give designation & official address | Present postal address (if dead vive last address | Perma-nent Home address |
|---|---|---|---|---|---|---|
| a) Father | | | | | | |
| b) Mother | | | | | | |
| c) Spouse | | | | | | |

12. Information to be furnished with regard to son(s) and/or daughters in case they are studying/living in a foreign country:

| Name | Nationality by birth & or by domicile | Place of birth | Country in which studying/living with full address | Date from which studying/living in the country mentioned in the previous column |
|---|---|---|---|---|
| | | | | |

13. Educational Qualification showing places of education with years in Schools and Colleges since 15th year of age:

| Name of School/College (with full address | Date of Entering | Date of Leaving | Examination Passed |
|---|---|---|---|
| | | | |

-26-

| | | | |
|---|---|---|---|
| | | | |

| | |
|---|---|
| 14. (a) | Are you holding or have any time held an appointment under Central or State Government or a Semi-Government or a Quasi Government body or an autonomous body or a public Sector Undertaking or a private firm or institution? If so, give full particulars with date of employment up-to –date |

| Period | | Designation, emoluments & nature of employment | Full name & address of employer | Reasons for leaving previous service |
|---|---|---|---|---|
| From | To | | | |
| | | | | |

| | | | |
|---|---|---|---|
| 14.(b) | If the previous employment was under the Government of India/a State Government/ undertaking owned or controlled by the Government of India or a State Government/ and Autonomous Body/University/Local Body.<br><br>If you had left service on giving a month's notice under Rule 5 of the Central Civil Services (Temporary Service) Rules 1965, or any similar corresponding rules, were any disciplinary proceedings framed against you, or had you been called upon to explain your conduct in any matter at the time you gave notice of termination of service, or at a subsequent dates(s), before your service actually terminated? | | |
| 15. (i) | (a) | Have you ever been kept under detention? | Yes/No |
| | (b) | Have you ever been arrested? | Yes/No |
| | (c) | Have you ever been prosecuted?<br><br>(i.e has a charge sheet in a criminal case been filed against you in any court of law) | Yes/No |
| | (d) | Is any criminal case pending against you in any Court of Law at the time or filling up this Attestation form? | Yes/No |
| | (e) | Have you ever been convicted by a court of Law for any Office? | Yes/No |
| | (f) | Whether discharged/expelled/withdrawn from any training/institution under the Government or otherwise? | Yes/No |
| | (g) | Have you ever been rusticated by any University or any other educational authority/institution? | Yes/No |
| | (h) | Have you ever been debarred / disqualified by any Public Service Commission/Staff Selection Commission for any of its examination/selection? | Yes/No |
| (ii) | | If the answer to any of the above mentioned question is 'Yes' give full particulars of the case/arrest/detention/fine/conviction/sentence/punishment etc and/or the nature of the case pending in the Court/University/Educational Authority etc at the time of filling up this attestation form: | |
| | | | |
| Notes: | (i) | Please also see the 'WARNING' at the top of this Attestation Form | |
| | (ii) | Specific answers to each of the questions should be given by striking out 'Yes' or 'No' as the case may be | |
| 16. | Names of two responsible person of your locality or two references to whom you are known: | 1) | |

| | | |
|---|---|---|
| | | 2) |

**DECLARATION**

I certify that the foregoing information is correct and complete to the best of my knowledge and belief.

I am fully aware that by providing false information or suppressing material information while filling this form, the authorities have full right to terminate my appointment letter and I am also liable for appropriate criminal/civil/legal action as a consequence.

I am not aware or any circumstances which might impair my fitness for employment under Government.

Signature of Candidate:
Date:
Place:

## TO BE FILLED BY THE OFFICE

i) Name, Designation and full address of the appointment authority.

ii) Post for which the candidate is being considered.

# મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરનાં નિયંત્રણ હેઠળ ફરજ બજાવતા પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ ની વિગત દર્શાવતું પત્રક

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પુરૂ નામ(અટક પ્રથમ લખવી) | :- | અટક | આખુ નામ | પિતા/પતિનું નામ |
| | | | | | |
| ૨ | જન્મ તારીખ | :- | | | |
| ૩ | નોકરીમાં કેવી રીતે ભરતી થયા તેની વિગત | :- | બઢતી | એડહોક | જીપીએસસી |
| | | | | | |
| ૪ | જીપીએસસી પાસ થયેલ હોય તો તેની વિગત | :- | સીની નંબર | | |
| | | | પાસ કર્યાનું વર્ષ | | |
| ૫ | નોકરીમાં દાખલ થયા તારીખ | :- | | | |
| ૬ | અજમાયશી સમયની વિગત | :- | શરુ થયા તા. | | |
| | | | પુરો થયા તા. | | |
| ૭ | વતનનુ સરનામું | :- | | | |
| | | | ગામ: | તાલુકો: | |
| | | | જીલ્લો: | રાજ્ય: | |
| ૮ | કાયમી સરનામું | :- | | | |
| | | | ગામ: | તાલુકો: | |
| | | | જીલ્લો: | રાજ્ય: | |
| ૯ | મોબાઇલ નંબર | :- | | | |
| ૧૦ | કેટેગરીની માહિતી (જાતી) | :- | એસ.સી / એસ.ટી ./ ઓબીસી / જનરલ | | |
| ૧૧ | શૈક્ષણિક લાયકાત | :- | | | |
| | વધારાની લાયકાત | :- | | | |

| | | | તાલીમનું નામ | તાલીમ લીધેલ સંસ્થા/સ્થળ | તાલીમનો સમય ક્યાં થી ક્યાં સુધી |
|---|---|---|---|---|---|
| ૧૨ | નોકરીમાં દાખલ થયા બાદ લીધેલ તાલિમ અંગેની વિગત | :- | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

| ૧૩ | ફરજ અંગેની માહિતી | | | |
|---|---|---|---|---|
| અ. ન. | ફરજનું સ્થળ | જીલ્લો | કઇ તારીખથી | કઇ તારીખ સુધી |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

પ્રોગ્રામ અધિકારીનું
નામ અને સહી